# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ
सा विद्या या विमुक्तये

## દ્વિતિય વર્ષ

C/o. **શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦**

**[સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૧**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી**

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૧. શ્રી વજ્રપંજર સ્તોત્ર

જિન શાસન અનેકાનેક સ્તોત્રોના ખજાના રૂપ છે. જિન ભક્તિ અને આત્મોન્નત્તિના ઘણા બધા સ્તોત્રોની રચનાઓ પૂર્વાચાર્યોએ કરી છે. અહિં આપણે સાધકને માટે સાધનાના પ્રારંભમાં અતિ આવશ્યક એવા દેહ રક્ષા અને આત્મરક્ષા માટે પ્રચલિત **'શ્રી વજ્રપંજર સ્તોત્ર'** નો પરિચય કરવાનો છે. સદા સર્વદા સર્વત્ર સહાયક અદ્‌ભૂત નવકાર મહામંત્રના નવપદોની સાથે આપણા દેહની અને આત્માની રક્ષા જોડવામાં આવી છે. સર્વ પૂજનો અને વિશિષ્ટ સાધનાઓમાં આ સ્તોત્ર બોલીને વિવિધ મુદ્રાઓ દ્વારા વજ્રનું પિંજરું કલ્પેલું છે. તેને ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ કરનારી મહાપ્રભાવશાળી રક્ષા કહેલી છે. આ પંચ પરમેષ્ઠિથી ઉત્પન્ન થયેલી રક્ષાને જે કરે છે તેને ભય, આધિ, વ્યાધિ નડતા નથી.

આવી રક્ષા કરીને કરેલી સાધના નિર્વિઘ્ન બને છે અને જલ્દિ સફળતાને આપનારી થાય છે.

# શ્રી વજ્રપંજર સ્તોત્ર

ૐ પરમેષ્ઠિ નમસ્કારં, સારં નવપદાત્મકમ્;[૧]
આત્મ રક્ષાકરં વજ્ર, પંજરાભં સ્મરામ્યહમ્........૧
ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ ;[૨]
ૐ નમો સિદ્ધાંણં, મુખે મુખપટં વરમ્;[૩]........૨
ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની;[૪]
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દ્ઢમ્[૫] ........૩
ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે;[૬]
એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે[૭]........૪

**શબ્દાર્થ :-**

**પરમેષ્ઠિ નમસ્કારં** – પંચપરમેષ્ઠિ નમસ્કારને
**સારં** – સારરૂપ
**નવપદાત્મક** – નવ પદ સ્વરૂપવાળા
**આત્મરક્ષાકરં** – આત્મા / શરીરની રક્ષા કરનાર
**વજ્રપંજરાભં** – વજ્રના પિંજરા સમાન
**સ્મરામ્યહં** – હું સ્મરું છું.
**ૐ નમો** – ૐકાર પૂર્વક નમસ્કાર હો
**અરિહંતાણં** – તીર્થંકર ભગવાનને
**શિરસ્કં** – મસ્તકની રક્ષા કરનાર કવચરૂપ
**શિરસિસ્થિતં** – મસ્તક પર રહેલ
**સિદ્ધાણં** – સિદ્ધ ભગવાનને
**મુખે** – મુખ ઉપર
**મુખપટં** – મુખવસ્ત્રિકારૂપ
**આયરિઆણં** – આચાર્યજીને
**અંગરક્ષા** – શરીરની રક્ષારૂપ
**અતિશાયિની** – અતિશય
**ઉવજ્ઝાયાણં** – ઉપાધ્યાયજીને
**આયુધં** – હથિયારરૂપ
**હસ્તયોઃ** – બે હાથને વિષે
**દ્ઢં** – મજબૂત
**લોએસવ્વસાહૂણં** – લોકમાં રહેલા સર્વ સાધુઓને
**મોચકે** – બે પાદૂકારૂપ
**પાદયો** – બે પગમાં
**શુભે** – સારી
**એસો પંચનમુક્કારો** – એ પાંચ નમસ્કાર
**શિલા** – શિલારૂપ
**વજ્રમયી** – વજ્રમય
**તલે** – ભૂમિતળ પર

**ગાથાર્થ :-** સારરૂપ, આત્માની / શરીરની રક્ષા કરનાર અને વજ્રના પિંજર જેવા પરમેષ્ઠિ નવકારનું હું સ્મરણ કરું છું..........૧

મસ્તક ઉપર રહેલા માથાના કવચરૂપ અરિહંત ભગવાનને ૐકારપૂર્વક નમસ્કાર હો ! મુખ ઉપર શ્રેષ્ઠ મુખવસ્ત્રિકારૂપ એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર હો.......૨

અતિશય અંગની રક્ષારૂપ એવા આચાર્ય ભગવાનને નમસ્કાર હો. બંને હાથમાં મજબૂત આયુધરૂપ એવા ઉપાધ્યાય ભગવાનને નમસ્કાર હો.........૩

બંને ચરણમાં સુંદર પાદુકારૂપ એવા લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર હો. એ પાંચ નમસ્કાર આ ભૂમિતળ ઉપર વજ્રમય શિલારૂપ છે..........૪

**સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ**
**મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગારખાતિકા....૫**
**સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઢમં હોઈ મંગલમ્;**
**વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે.....૬**
**મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની;**
**પરમેષ્ઠિપદોદભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ.....૭**
**યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા;**
**તસ્ય ન સ્યાદ્ભયં વ્યાધિ, રાધિશ્ચાપિ કદાચન....૮**

**શબ્દાર્થ :-**

**સવ્વ પાવપ્પણાસણો,** -સર્વ પાપનો નાશ કરનાર
**વપ્ર**-કિલ્લારૂપ
**વજ્રમય**-વજ્રમય
**બહિઃ**-બહારના
**મંગલાણં ચ સવ્વેસિં,**-સર્વ મંગલોની
**ખાદિર**- ખેરના
**અંગાર**- અંગારાની
**ખાતિકા** - ખાઇરૂપ છે
**સ્વાહાંતં** - જેના અંતમાં સ્વાહા છે
**પદં**- પદ
**જ્ઞેયં**- જાણવું
**પઢમં**-પ્રથમ
**હોઈ**-છે
**મંગલમં**-મંગલ
**વપ્રોપરિ** -કિલ્લાની ઉપર
**પિધાનં** - ઢાંકણું
**દેહરક્ષણે**- દેહરક્ષામાં
**મહાપ્રભાવા**-મોટા પ્રભાવવાળી
**રક્ષા**- રક્ષા છે
**ઈયં**- આ
**ક્ષુદ્રોપદ્રવ**-નઠારા ઉપદ્રવોને
**નાશિની**-નાશ કરનારી
**પરમેષ્ઠિપદોદ્ભૂતા** -પંચ પરમેષ્ઠિના પદોમાંથી ઉત્પન્ન થયેલી
**કથિતા**-કહેલી છે
**પૂર્વસૂરિભિઃ**-પૂર્વ સુરિઓએ
**યઃ**-જે
**ચૈવં** - અને એવી રીતે
**કુરુતે** -કરે છે
**પરમેષ્ઠિપદૈઃ**-પંચ પરમેષ્ઠિના પદોથી
**સદા** -હંમેશાં.
**તસ્ય** -તેને
**ન સ્યાત્** - ન થાય
**ભયં** - ભય
**વ્યાધિઃ** - રોગ
**આધિઃ** - મનની પીડા
**ચાપિ** - અને પણ
**કદાચન** -કદી પણ


**ગાથાર્થ :-** સર્વ પાપોનો નાશ કરનારો નવકાર મંત્ર બહારની ચારે દિશાઓમાં વજ્રના કિલ્લા જેવો છે, અને સર્વ મંગલોને રાખવા માટે તે ખેરના અંગારની ખાઇ રૂપ છે......૫

સ્વાહા જેને અંતે છે, એવું એ પદ જાણવું; એટલે **નમોऽर्हदभ्यः स्वाहा** એ પદ પ્રથમ મંગળરૂપ થાય છે. આ પદ કિલ્લાની ઉપર રહેલા શરીરની રક્ષા કરવામાં વજ્રમય ઢાંકણરૂપ છે..........૬

ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ કરનારી અને મોટા પ્રભાવવાળી આ રક્ષા છે, કે જેને પૂર્વ સૂરિઓએ પંચ પરમેષ્ઠિનાપદોમાંથી ઉત્પન્ન થયેલી કહેલી છે.......૭

જે પુરૂષ એવી રીતે પંચ પરમેષ્ઠિના પદોથી સદા રક્ષા કરે છે, તે પુરૂષને ભય, વ્યાધિ અને આધિ/મનની પીડા કદી પણ થતી નથી.

## શ્રી વજ્રપંજર સ્તોત્રની વિવિધ મુદ્રાઓ





# શ્રી ગણધરવાદ

## (૧) શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

ભારતભૂમિના પૂર્વ વિભાગના મગધદેશની સમીપના ગોબ્બર ગામમાં ગૌતમગોત્રીય વિપ્રશ્રેષ્ઠ વસુભૂતિ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની ધર્મપત્ની પૃથ્વીદેવી હતી. પત્નીની સાથેના સંસારસુખના ફળસ્વરુપ વસુભૂતિ બ્રાહ્મણને ત્રણ સંતાનની પ્રાપ્તિ થઇ હતી. જયેષ્ઠા નક્ષત્રમાં પૃથ્વીમાતાએ ઇન્દ્રભૂતિ ગૌતમને જન્મ આપ્યો હતો. ત્રણે બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની ત્રિપુટીની જેમ શોભતા હતા. ત્રિબંધુ તરીકેની પ્રસિદ્ધિ પામ્યા હતા. અનુક્રમે પિતાએ ત્રણેના નામોં આ પ્રમાણે પાડ્યા (૧) ઇન્દ્રભૂતિ (૨) અગ્નિભૂતિ અને (૩) વાયુભૂતિ. ગુણને અનુરુપ નામોંની સ્થાપના થઇ હતી. આ ત્રણે ભાઇઓમાં ઇન્દ્રભૂતિ જ્યેષ્ઠભ્રાતા - મોટા ભાઇ હતા.

વેદ- વેદાંગના શાસ્ત્રોનો અભ્યાસ કરાવતા પિતાશ્રી વસુભૂતિ અધ્યાપકની પ્રસિદ્ધિ ધરાવતા હતા. પિતાએ ત્રણે પુત્રોને ભણાવીને વેદ-વેદાંગમાં તૈયાર કર્યા. ગૌતમનું પુંરુ નામ- શ્રી ઇન્દ્રભૂતિ વસુભૂતિ ગૌતમ હતું. ગૌતમ એમનું ગોત્ર હતું.

બ્રાહ્મણકુલ વિદ્યાધ્યયન માટે પ્રસિદ્ધ છે. ઇન્દ્રભૂતિ પણ વેદ-વેદાંગ, શ્રુતિ-સ્મૃતિ આદિનો ગંભીર અભ્યાસ કરીને પિતાના પગલે તેઓ પણ અધ્યાપકના વ્યવસાયમાં પ્રવેશ્યા. જીવનના ૫૦ વર્ષ સુધી ગૃહવાસમાં રહીને વાદ-વિવાદો તથા અધ્યયન-અધ્યાપન એમણે ખૂબ કર્યું. એમની વિદ્વત્તાની પ્રસિદ્ધિ દશે દિશામાં પ્રસરેલી હતી. એમને વાદવિજેતાની પદવી અનેકવાર પ્રાપ્ત થઇ ચુકી હતી.

જાણે સાક્ષાત્ સરસ્વતીના અવતાર ન હોય એવા આ મહાન વિદ્વાન પંડિતને લગભગ ૫૦૦ શિષ્યોનો વિશાળ પરિવાર હતો. તેઓશ્રી પ્રસિદ્ધ ૧૪ વેદ વિદ્યાઓના પારંગત ધુરંધર વિદ્વાન હતા. વેદ-વેદાંગ-શ્રુતિ-સ્મૃતિ-પુરાણ, નિઘંટુ છન્દ, ઇતિહાસ, ન્યાય-વ્યાકરણ આદિ અનેક શાસ્ત્રોની તેમની વિદ્વત્તાની પ્રસિદ્ધિ દેશવિદેશમાં સર્વત્ર પ્રસરેલી હતી.

દેશોમાં વિવિધ પાઠશાળાઓ તથા રાજ્યાશ્રયમાં થતા અનેક વાદોમાં તેમનો વિજય અનેકવાર થયો હતો. પરન્તુ આવા ખ્યાતિપ્રાપ્ત દિગ્ગજ વિદ્વાન ઇન્દ્રભૂતિના મનમાં વેદ વાંચતી વખતે શ્લોકનો અર્થ વ્યવસ્થિત ન થયો. અને એમાંથી વીપરીત અર્થની જે ધ્વનિ એમની ભૂલના કારણે નિકળી તેજ મનમાં ઘર કરી ગઇ. અને આત્મા છે કે નહીં ? આ શંકાના સ્વરૂપે **न प्रेत्यसंज्ञाऽस्ति** આત્મા છેજ નહીં એવી તેમની દ્રઢ માન્યતા થઇ ગઇ હતી. એકદા આ ઇન્દ્રભૂતિ પોતાના બંધુ અને અન્ય સમર્થ પંડિતો

સાથે સોમિલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞ માટે ગયા હતા.

## વીર પ્રભુનું આગમન

શ્રી વીર પ્રભુને કેવળજ્ઞાનદર્શન ઉત્પન્ન થયા ત્યારે ચોસઠ ઇન્દ્રોના સિંહાસન કંપાયમાન થયાં. તેથી અવધિજ્ઞાનનો ઉપયોગ આપતાં પ્રભુના કેવળજ્ઞાનદર્શનની વાત જાણીને ઇન્દ્રો દેવોના પરિવાર સાથે ત્યાં આવી પહોંચ્યા અને જાંભિકા ગામની નગરની બહાર સમવસરણની રચના કરી પ્રભુએ ત્યાં બિરાજમાન થઇ દેશના આપી, સમવસરણમાં મનુષ્યો ન હતા, દેવો અને ઇન્દ્રો હોવાથી કોઇ વ્રત લેનાર ન થવાથી પ્રભુની દેશના નિષ્ફળ ગઇ. પછી પ્રભુ ત્યાંથી વિહાર કરીને અપાપાનગરીના મહસેન ઉદ્યાનમાં પધાર્યા.

આ સમયે ત્યાં સોમિલ નામના બ્રાહ્મણને ત્યાં યજ્ઞ કરવા માટે તે સમયના મહાન સમર્થ બ્રાહ્મણ પંડિતો ભેગા મળ્યા હતા.

આમાં અગિયાર બ્રાહ્મણ વિદ્વાનો એક એક સંદેહવાળા હતા છતાં દરેક પોતાને સર્વજ્ઞ મનાવતા હોઇ સર્વજ્ઞપણામાં ક્ષતિ આવે એ માટે એ સંશય એકબીજાને કોઇ પૂછતા ન હતા. તે અગિયારે પંડિતોના શિષ્યોનો પરિવાર ચાર હજાર ચારસોનો હતો. આ ઉપરાંત બીજા પણ ઉપાધ્યાય, શંકર, વિષ્ણુ, ઇશ્વર, શિવજી, જાની-ગંગાધર, મહીધર, ભૂધર, લક્ષ્મીધર, પંડ્યા-વિષ્ણુ, મુકુંદ, ગોવિંદ, પુરુષોત્તમ, નારાયણ દવે-શ્રીપતિ, ઉમાપતિ, વિદ્યાપતિ, ગણપતિ, જયદેવ, બાલકૃષ્ણ, યદુરામ, રામ, રામાચાર્ય, રાઉલ-મધુસુદન, નરસિંહ, કમલાકર, સોમેશ્વર, હરિશંકર, ત્રિકમ, જોશી-પૂનો, રામજી, શિવરામ, દેવરામ, ગોવિંદરામ, રઘુરામ, ઉદિરામ, વગેરે ઘણા પંડિતો આ યજ્ઞ પ્રસંગમાં આવ્યા હતા.

આ અવસરે શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવને વંદન કરવા માટે આકાશમાંથી દેવોનો સમૂહ આવવા લાગ્યો. તે જોઇને યજ્ઞ કરવા આવેલા બ્રાહ્મણ પંડિતો પરસ્પર કહેવા લાગ્યા કે અહો ! યજ્ઞનો મહિમા કેટલો બધો મહાન છે! એમાં સાક્ષાત દેવો આવી રહ્યા છે, દેવો યજ્ઞ મંડપ ત્યજીને સમવસરણ તરફ જવા માંડ્યા ત્યારે બ્રાહ્મણોનો આનંદ ઉડી ગયો, એ દેવો, સર્વજ્ઞને વંદન કરવા જાય છે એવું જનતા દ્વારા જાણવા મળ્યું, ત્યારે ઇન્દ્રભૂતિ ક્રોધથી ધમધમીને બકવા લાગ્યા. આ જગતમાં હું જ સર્વજ્ઞ છું. બીજા સર્વજ્ઞ હોય જ નહીં, બીજો સર્વજ્ઞ છે આવું વચન કાનને પીડા ઉત્પન્ન કરે છે. મૂર્ખાઓને તો કોઇ બનાવી જાય પરંતુ આણે તો દેવોને પોતા તરફ લોભાવ્યા છે. તેથી એ કોઇ મહાધૂર્ત લાગે છે. નહીં તો યજ્ઞ મંડપને અને સર્વજ્ઞ એવા મને છોડીને આ દેવો ત્યાં કેમ ચાલ્યા જાય ? આ તો તીર્થ જલને મૂકીને જેમ કાગડાઓ, સરોવરને મૂકી જેમ દેડકાઓ, ચંદનરસને મૂકીને જેમ માખીઓ, સારા વૃક્ષને મૂકીને જેમ ઊંટો, ખીરને મૂકીને જેમ ભૂંડો, બીજે ચાલ્યા જાય તેમ યજ્ઞને મૂકીને આ દેવો બીજે ચાલ્યા જાય છે. એથી સમજાય છે કે જેવો એ સર્વજ્ઞ હશે તેવા એ દેવો હશે, મારાથી એના સર્વજ્ઞના અભિમાનને સહન કરી શકાય તેમ નથી. એક મ્યાનમાં બે તલવાર હોય નહીં, એક ગુફામાં બે કેસરીસિંહ પણ રહી શકે નહીં, આકાશમાં બે સૂર્ય પણ પાસે રહી શકે નહીં તેમ હું અને એ એમ બે સર્વજ્ઞો અહીં રહી શકીએ નહીં.. ઇન્દ્રભૂતિ આ રીતે

વિચાર કરતો હતો ત્યારે પ્રભુને વંદન કરીને પાછા ફરતા માણસો ત્યાંથી પસાર થયા તેને હાંસીથી ઇન્દ્રભૂતિએ પૂછ્યું કે તમોએ તે સર્વજ્ઞને જોયા ? તે કેવા સ્વરૂપવાળો અને કેવો છે? લોકોએ કહ્યું કે એમનું વર્ણન કરવા માટે અમે શક્તિમાન નથી પરંતુ તમો પોતાને સર્વજ્ઞ કહેવડાવો છો એટલે આ બાબત અમને કેમ પૂછો છો ? સર્વજ્ઞ તો સ્વયં જાણી શકે, જો તમને ખબર નથી તો સર્વજ્ઞનો ખોટો આડંબર કરીને જગતને શા માટે ઠગો છો ? અમે જે સર્વજ્ઞ પાસે જઇ વંદનાદિ કરી આવ્યા તે સર્વજ્ઞના ગુણોને ગણવા માટે સમર્થ નથી તેમ આ જગતમાં કોઇપણ સમર્થ નથી. લોકમુખથી આવું સાંભળીને ઈંદ્રભૂતિને થયું કે પોતાને સર્વજ્ઞ મનાવનારો આ કોઇ મહાન ધૂર્ત છે, પ્રપંચનું ઘર છે. જો એમ ન હોય તો આ બધા લોકો એના ગુણ ગાતા કેમ થઇ જાય ? હું એક ક્ષણ પણ સર્વજ્ઞને સહન નહીં કરૂં, અંધકારને ભગાડવા માટે શું સૂર્ય પોતાનું પરાક્રમ નથી બતાવતો ? શું અગ્નિ હસ્તસ્પર્શને, સિંહ કેશવાળીને પકડવાને અને ક્ષત્રિય શત્રુના તિરસ્કારને સહન કરે ખરો ? જેણે વિદ્વાનોની સભામાં ભલભલા વિદ્વાનોને બોલતા બંધ કરી દીધા છે એવા મારી આગળ પોતાના ઘરમાં જ બહાદૂરી બતાવનાર આ કોણ માત્ર છે. જે અગ્નિએ મોટા મોટા પર્વતોનેબાળી નાંખ્યા છે તેને એક લાકડાના ટુકડાને બાળતાં શી વાર લાગે ? જે પવન મોટા મોટા હાથીઓને પણ ઉડાડી દે, તેને એકરૂની પુણીને ઉડાડતાં શી વાર લાગે ? ગૌડદેશના પંડિતો મારા ભયથી દૂર દેશમાં ચાલ્યા ગયા. ગૂર્જરવિદ્વાનો તો મારાથી ભયભીત થયા છતાં ત્રાસ પામી ગયા, માલવદેશના પંડતોનાં તો મારા ભયથી મોત થઇ ગયાં, તૈલંગી પંડિતોના મુખો મારા ભયથી તલ સમાન કાળાં થઇ ગયાં,લાટ દેશના વિદ્વાનો મારા ભયથી ક્યાં લોપાઇ ગયા તેના ખબર પણ મળેલ નથી, નિપુણ એવા દ્રાવિડ વિદ્વાનો તો મારા ભયથી શરમાઇને મોઢું નીચે રાખી ફરે છે. આજે જગતમાં મારી સાથે વાદ કરવા ઉભો રહે એવો કોઇ નથી રહ્યો. એથી વાદીઓનો મોટો દુષ્કાળ પડેલ છે. એમ લાગે છે. ત્યારે મારી આગળ પોતાને સર્વજ્ઞ કહેવડાવનાર એ પામર પ્રાણી કેટલી વાર ટકી શકશે ? એવી રીતે વિચારતા અને વાદીને જીતવા માટે તૈયાર થતા એવા ઇન્દ્રભૂતિને તેના નાનાભાઇ અગ્નિભૂતિએ કહ્યું કે એક તુચ્છસ્થિતિના વાદીને જીતવા આપે શા માટે પ્રયાસ કરવો, કમળને ઉખેડવા ઐરાવણ હાથીને ન લવાય, મને રજા આપો તો હું ક્ષણવારમાં તેમને જીતી આવું. ઇન્દ્રભૂતિએ કહ્યું કે એ વાદીને તો મારો એક નાનો શિષ્ય પણ જીતી શકે એમ છે પરંતુ વાદીનું નામ સાંભળીને હું પોતે જ રહી શકતો નથી. જેમ તલને પીલતાં કોઇ તલ રહી જાય, અનાજને દળતાં કોઇ દાણો રહી જાય, તૃણોને ઉખેડતા કોઇ તણખલું રહી જાય, અગસ્ત્યને સમુદ્ર પી જતાં કોઇ ખાબોચિયું રહી જાય, અને ફોતરાંઓ ઉતારતાં કોઇ ફોતરાવાળો દાણો રહી જાય તેમ જગતનાં સર્વ વાદીઓને જીતતાં આ વાદી રહી ગયો લાગે છે. સર્વજ્ઞ તરીકેનો ખોટો આડંબર કરનાર આ વાદીને જીત્યા વિના હું રહી શકું તેમ નથી. એ એક ન જીતાય તો જગત જીત્યું કહેવાય નહીં. સતી સ્ત્રીનું એકવાર શીલ ખંડીત થાય તો તે સતી કહેવાય નહીં, મેં હજારો વાદીઓને જીત્યા છે અને હવે આ એકને ન જીતું તો જગતમાં મેળવેલ મારો યશ ચાલ્યો જાય, અલ્પ પણ શલ્ય શરીરમાં રહી જાય તો તે પ્રાણોને હરનારૂં થાય

છે. વહાણમાં એક છિદ્ર પણ રહી જાય તો તે વહાણને ડુબાડનારૂં થાય છે. વગેરે વિચાર કરતા ઇન્દ્રભૂતિએ શરીરે બાર સ્થાને તિલક કર્યા. પીતાંબર પહેરીને સોનાની જનોઇ પહેરી, પછી કેટલાક શિષ્યો હાથમાં પુસ્તકો લેતા હતા, કેટલાક કમંડલું ઉપાડતા હતા, કેટલાક દર્ભ ગ્રહણ કરતા હતા, એવા એવા શિષ્યોથી સરસ્વતી કંઠાભરણ ! વાદીવિજયલક્ષ્મીશરણ ! વાદીમદગંજન ! વાદીમુખભજંન! વાદીગોધૂમઘરટ્ટ ! મર્દિતવાદીભરટ્ટ ! વાદીઘટ્ટમુદ્ગર ! વાદીકંસકહાન ! વાદીહરણહરે ! વાદીજ્વરધન્વંતરે ! વાદીયૂથમલ્લ! વાદીહૃદયશલ્ય! વાદીગણજીપક ! વાદીશલભદીપક! વાદીચક્રચૂડામણે! પંડિતશિરોમણે! વિજિતાનેકવાદ! સરસ્વતીલબ્ધપ્રસાદ ! ઇત્યાદિ બિરૂદાવલીઓથી દિશાઓને પણ ગજાવી મૂકતા એવા પાંચસો શિષ્યોથી પરિવરેલ ઇન્દ્રભૂતિ શ્રીવીરપ્રભુ પાસે જતાં વિચારવા લાગ્યો કે, અરે, આ દુષ્ટ પાપીએ આ શું કર્યું, એણે સર્વજ્ઞ તરીકે પોતાને જાહેર કરીને મને કોપાવ્યો છે. આ તો દેડકો કાળા સર્પને પાદપ્રહાર કરવા તૈયાર થયો છે, અથવા તો ઉંદર પોતાના દાંતો વડે બિલાડીના દાંતો તોડવા દોડી આવ્યો છે. આ તો બળદ પોતાના શિંગડાથી ઐરાવણ હાથીને મારવા તૈયાર થયો છે.અથવા હાથીદાંતો વડે મેરુપર્વતને પાડવા તૈયાર થયો છે. અરે, આ તો સસલો કેસરીસિંહની કેશવાળીને કાપવાની તૈયારી કરી રહેલ છે. મારી સમીપમાં પોતાનું સર્વજ્ઞપણું પ્રસિદ્ધ કરનાર એણે શેષ નાગના મસ્તક ઉપરથી મણિ લેવાની તૈયારી કરી છે, એણે પવનની સામે રહીને દાવાનળ સળગાવ્યો છે. હું હમણાં જ ત્યાં જઇ તેને બોલતો પણ બંધ કરી દઇશ, જ્યાં સુધી સૂર્ય ઉગતો નથી ત્યાં સુધી ખદ્યોત કે ચંદ્ર પ્રકાશ કરી શકે છે, જ્યાં સુધી કેસરીસિંહની ગર્જનાઓ કાને ન આવે ત્યાં સુધી જ મદોન્મત્ત હાથીઓ, ઘોડાઓ, હરણીયાઓ વગેરે આનંદ અનુભવી શકે છે. મારા ભાગ્યથી જ આવો વાદી મને પ્રાપ્ત થયેલ છે, તેની સાથે વાદ કરી મારી જીભની ખરજને આજે હું દૂર કરીશ. લક્ષણ શાસ્ત્રમાં હું નિપુણ છું,, સાહિત્યમાં મારી ગતિ અસ્ખલિત છે, તર્કશાસ્ત્રમાં મને કોઇ ઓળંગી શકે તેમ નથી, મેં ક્યાં શાસ્ત્રોમાં પરિશ્રમ નથી કરેલ ? યમને માલવ દેશ ક્યાં દૂર છે ? વચન સિદ્ધને શું સિદ્ધ નથી ? રસ શાસ્ત્રના જાણકારને ક્યો રસ અજાણ્યો હોય ? ચક્રવર્તીને શું અજેયહોય ? વજ્રને ન ભેદાય એવું શું હોય? મહાત્માને ન સધાય એવું શું હોય ? ભૂખ્યાને ન ખવાય એવું શું હોય ? ખલ પુરુષને ન બોલવા યોગ્ય એવું શું હોય ? કલ્પવૃક્ષને ન દેવા યોગ્ય શું હોય ? વૈરાગીને ન ત્યજવા યોગ્ય શું હોય ? અને મને ન જીતવા જેવું શું છે? તો પછી હું ત્યાં જાઉં, એનું પરાક્રમ જોઉં અને એને પરાજિત કરૂં, એમ કરવાથી હું ત્રિલોકવિજેતા કહેવાઇશ.(ક્રમશઃ)

# (લઘુસંગ્રહણી) જૈન ભૂગોળ

- આ. હરિભદ્રસૂરિ મ.

આપણે જ્યાં વસીએ છીએ તે આપણું વિશ્વ...

આ વિશ્વ કેવું છે ? આ વિશ્વ કેટલું વિશાળ છે ?...

આ વિશ્વમાં આપણું સ્થાન ક્યાં છે ?....

આ બધા જ પ્રશ્નોનું સુંદર સમાધાન સર્વજ્ઞ ભગવંતોએ સચોટ રીતે કર્યું છે. આ વિભાગમાં આપણે એને સમજવા માટેનો પ્રયાસ કરીશું.

**नमिय जिणं सव्वन्नुं, जगपूज्जं जगगुरुं महावीरं ।**
**जंबुदीवपयत्थे, वुच्छं सुत्ता सपरहेऊ ।। १ ।।**

સર્વજ્ઞ... જગતમાં પૂજનીય... જગતના ગુરુ એવા શ્રી મહાવીર જિનેશ્વરને નમસ્કાર કરીને સ્વ અને પરના કલ્યાણને માટે સૂત્રના અનુસાર જંબુદ્વીપના પદાર્થોને કહીશ.

આ પ્રથમ ગાથામાં મંગલાચરણ, વિષય, પ્રયોજન, સંબંધ અને ગ્રંથ ભણવાના અધિકારી કોણ એ બાબતો જણાવવામાં આવી છે.

**(૧) મંગલાચરણ :-** શ્રી મહાવીર જિનને નમસ્કાર કરીને ચાર અતિશયોથી મંગલાચરણ કરવામાં આવે છે.


- **(૧) અપાયાપગમાતિશય :-** (जिणं )જિનેશ્વર પ્રભુ સ્વાર્થ-રાગદ્વેષથી રહિત હતા. તેથી જ આવા ભગવાન જે ક્ષેત્રમાં વિચરતા ત્યાં ૧૨૫ યોજન સુધી કોઇ પણ જાતના રોગો ન થાય... દુષ્કાળ ન પડે... અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ ન થાય.
- **(૨) જ્ઞાનાતિશય :-** (सव्वनुं )પ્રભુ કેવળજ્ઞાની...સર્વજ્ઞ છે...
- **(૩) પૂજાતિશય :-** (जगपूज्जं) તિર્યંચ, દેવ, મનુષ્ય વિગેરે જગતના સર્વ જીવોને પૂજવા યોગ્ય હોય છે.
- **(૪) વચનાતિશય -** (जगगुरुं) પ્રભુએ કેવળજ્ઞાનથી જગતના જે પદાર્થો જાણ્યા છે તે પદાર્થો તેવા જ જગતના ઉપકાર માટે કહેલા છે.

**(૨) વિષય :-** જંબુદ્વીપના શાશ્વત પદાર્થોનું વર્ણન.

**(૩) પ્રયોજન :-** સ્વપરના બોધ માટે તથા પરંપરાએ મોક્ષ પ્રાપ્તિ માટે.

**(૪) સંબંધ :-** પ્રભુની વાણી સ્વરૂપ સૂત્રથી તથા ગુરુપરંપરાથી મળેલા જ્ઞાન દ્વારા રચના થયેલ છે.

**(૫) અધિકારી :-** સમ્યગ્જ્ઞાન મેળવવા ઇચ્છતા સર્વ ભવ્યાત્માઓ આ ગ્રંથ ભણવાના અધિકારી છે.



આ જંબુદ્વીપના સ્વરૂપને જાણતાં પહેલાં આપણે સંક્ષિપ્તમાં આ વિશ્વના સ્વરૂપને જાણવાનો પ્રયત્ન કરીશું.

લોક શબ્દ લોક્ ધાતુ ઉપરથી બન્યો છે. જે જોવાય તે લોક. લોક એટલે પંચાસ્તિકાયનો સમુદાય. પંચાસ્તિકાયમાં આ પાંચ અસ્તિકાયનો સમાવેશ થાય છે. - (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્ગલાસ્તિકાય અને (૫) જીવાસ્તિકાય.

**धर्मादीनां वृत्तिर्द्रव्याणां भवति यत्र तत् क्षेत्रम् ।**
**तै:द्रव्यै सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ।।**

જેમાં ધર્માસ્તિકાય વગેરે પાંચ અસ્તિકાય દ્રવ્યો રહેલાં છે તે ક્ષેત્રને **લોક** કહેવાય છે. જ્યાં પંચાસ્તિકાયનો અભાવ છે તે **અલોક** છે.

અલોક અનંત આકાશાસ્તિકાયરૂપ છે. અલોકના મધ્યમાં લોક રહેલો છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રિગુણાત્મક છ દ્રવ્યોનું જ્યાં અવસ્થાન છે તે લોક છે. સમગ્ર લોકના ૧૪ વિભાગ કરવામાં આવ્યા છે. પ્રત્યેક વિભાગ રજ્જુ (રાજ) કહેવાય છે. આવી રીતે ૧૪ રાજ પ્રમાણ લોક છે.

આ લોકના ત્રણ વિભાગ છે - (૧) ઉર્ધ્વલોક (૨) મધ્યલોક અને (૩) અધોલોક.

(૧) ઉર્ધ્વલોક :- ઉર્ધ્વભાગમાં રહેલા ભાગને ઉર્ધ્વલોક અથવા સ્વર્ગલોક કહેવામાં આવે છે. ઉભા કરેલા મૃદંગના આકાર જેવો સાત રજ્જુથી કાંઇક ન્યૂન (ઓછો) છે. અહિં પુણ્યશાલી દિવ્યવૈભવોની અનુભૂતિ કરનારા દેવો વસે છે. ઉર્ધ્વલોકમાં ૧૨ દેવલોક, નવ લોકાંતિક, ત્રણ કિલ્બીષીયા, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાનવાસી તેમજ સિદ્ધશીલા અને સિદ્ધ પદને પામેલા આત્માઓનો સમાવેશ થાય છે.

(૨) મધ્યમાં આવેલો હોવાથી અને મધ્યમપરિણામવાળા દ્રવ્યનો સંભવ હોવાથી તે મધ્યલોક અથવા તિર્ચ્છાલોક કહેવાય છે. આ મધ્યલોક ચોરસરૂચકથી ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે એમ કુલ ૧૮૦૦ યોજન પ્રમાણ છે. ઝાલરના આકારના આ લોકમાં વ્યંતરો, મનુષ્યો, તિર્યંચો, સમુદ્રો, દ્વીપો અને જ્યોતિષચક્રનો સમાવેશ થાય છે.

(૩) અધોલોક :- અધઃ એટલે નીચે. આ ક્ષેત્રનું સ્થાન નીચે હોવાથી અધોલોક કહેવાય છે. એને પાતાળલોક પણ કહે છે. અધઃ નો અર્થ હલકા ખરાબ એવો પણ થાયછે. જ્યાંના પુદ્ગલોના પરિણામ હલકા છે તેથી પણ તે અધોલોક કહેવાય છે. અધોલોક કુંભાના આકારે છે. અહીં ભવનપતિદેવો, પરમાધામી દેવો, અને નારકો વસે છે.

## તિર્ચ્છાલોક

તિર્ચ્છાલોક મર્ત્યલોક... મધ્યલોક વિગેરે જુદા-જુદા નામેથી ઓળખાય છે. તિર્ચ્છાલોકમાં

અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો આવેલા છે. તિર્ચ્છાલોકના મધ્ય ભાગમાં એક લાખ યોજન પ્રમાણવાળો **જંબુદ્વીપ** છે તેની આજુબાજુ વલયાકારે **લવણ સમુદ્ર** છે તેના ફરતે **ધાતકીખંડ** દ્વીપ છે. તેના ફરતે **કાલોદધિ** સમુદ્ર છે. એના ફરતે **પુષ્કરાવરદ્વીપ** અને **પુષ્કરાવર સમુદ્ર** છે એમ ક્રમશઃ અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે અને પૂર્વપૂર્વથી બમણા વિસ્તારવાળા છે.

મનુષ્ય જન્મ-મરણ મનુષ્યક્ષેત્રમાં એટલે અઢીદ્વીપમાં જ થાય છે. અઢીદ્વીપમાં જંબુદ્વીપ, ધાતકી ખંડ અને અર્ધપુષ્કરવર દ્વીપ તેમજ લવણસમુદ્ર અને કાલોદધિ સમુદ્રરૂપ ૪૫ લાખ યોજન લાંબા-પહોળા વિસ્તારવાળું મનુષ્યક્ષેત્ર છે. આમાં ૫ ભરત, ૫ ઐરાવત અને ૫ મહાવિદેહ મળીને ૧૫ કર્મભૂમિઓ, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્, ૫ હૈમવંત, ૫ હૈરણ્યવંત, ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ એ ૩૦ અકર્મભૂમિઓ અને ૫૬ અંતરદ્વીપો મળીને ૧૦૧ ક્ષેત્રમાં પ્રાયઃ મનુષ્યના જન્મ-મરણ થઇ શકે છે.

તિર્ચ્છાલોકની આ પ્રાથમિક જાણકારી મેળવ્યા બાદ હવે આપણે એના મધ્યમાં રહેલા જંબુદ્વીપને વિશેષથી જાણવા પ્રયત્ન કરીશું.

**खंडा जोयण वासा, पव्वय कूडा य तित्थ सेढीओ ।**
**विजय - दह सलिलाओ, पिंडेसिं होई संघयणी ।। २ ।।**

ખંડ, યોજન, વાસ (ક્ષેત્ર), પર્વત, કૂટ (શિખર) તીર્થ, શ્રેણિઓ, વિજય, દ્રહ (સરોવર) અને નદીઓ એ બધાનો સમૂહ -પિંડ અથવા સંગ્રહ તે સંગ્રહણી છે.

જંબુદ્વીપમાં અનેકાનેક વિવિધ પ્રકારના પદાર્થો રહેલા છે. આ બધા જ પદાર્થોમાં ભૌગોલિક દૃષ્ટિથી મુખ્ય દસ પદાર્થો છે. આ મુખ્ય દસ દ્વારોથી આ દસ પદાર્થોનું વિશેષ સ્વરૂપ જણાવવામાં આવ્યું છે. આ દસ પદાર્થોના સામાન્ય અર્થને જાણવાનો પ્રયત્ન કરીશું.

૧. **ખંડ** :- સંપૂર્ણ જંબુદ્વીપમાં ભરત કે ઐરાવત ક્ષેત્રની પહોળાઇ જેટલા કેટલા ખંડ થાય એની જાણકારી આપવામાં આવી છે.

૨. **યોજન** :- જંબુદ્વીપનો વ્યાસ એની પરિધિ અને ક્ષેત્રફળની ગણત્રી અહીં કરવામાં આવી છે.

૩. **વાસ-વર્ષ-ક્ષેત્ર** :- મનુષ્યોના રહેવાના સ્થાન તે વાસ-વર્ષ અથવા ક્ષેત્રના નામથી ઓળખાય છે. જંબુદ્વીપના આવા ક્ષેત્ર ક્યાં છે ? કેટલા છે ? એનો પરિચય કરાવવામાં આવ્યો છે.

૪. **પર્વતં** :- જંબુદ્વીપમાં પર્વતો ક્યાં ક્યાં છે ? કેટલા છે ? એની સંખ્યાદિ જણાવવામાં આવી છે.

૫. **શિખરો** :- જંબુદ્વીપના પર્વતના શિખરો અને ભૂમિ કૂટોની સંખ્યાનો પરિચય કરાવવામાં આવ્યો છે.

૬. **તીર્થો** :- જંબુદ્વીપના સમુદ્રોમાં ઉતરવાના મોટા ઉતાર સ્થાનો તીર્થ કહેવાય છે એમની સંખ્યા આદિની વિચારણા કરવામાં આવી છે.

૭. **શ્રેણી** :-વૈતાઢ્ય પર્વતો ઉપર વિદ્યાધરોનાં નગરો અને આભિયોગિક દેવોના ભવનોની શ્રેણિઓ છે તેની સંખ્યાદિની વિચારણા કરવામાં આવી છે.

૮. **વિજય** :- ચક્રવર્તીને જીતવા યોગ્ય ક્ષેત્ર વિજય કહેવાય છે. એનો પરિચય કરાવવામાં આવ્યો છે.

૯. **દ્રહો** :- દ્રહ એટલે નાના સરોવર, કુંડ, મુખ્ય કુંડોની ગણત્રી કરવામાં આવી છે.

૧૦. **નદીઓ** :- જંબુદ્વીપમાં રહેલી મોટી નદીઓ અને એને મળનારી અન્ય નદીઓની વિચારણા કરવામાં આવી છે.

## તિર્ચ્છાલોક (અસંખ્ય દ્વીપ-સમુદ્ર)



# શ્રાવક જીવન

શ્રાવક કુળમાં જન્મ લેવાથી આપણે બધા શ્રાવક તો કહેવાઇએ છીએ પણ શ્રાવક શબ્દનો ખરેખર અર્થ શું થાય? આવો આપણે શ્રાવક શબ્દના અર્થને સમજવા પ્રયત્ન કરીએ...

**श्रवंति यस्य पापानि । पूर्वबद्धान्यनेकशः ।।**
**आवृतश्च व्रतैनित्यं । सोऽभिधीयते ।। १ ।।**

પૂર્વ ભવોમાં બાંધેલા વિવિધ પ્રકારના પાપોને શ્રવે (ઓછાં કરે).. તથા હમેંશા વ્રત-નિયમોથી પરિવરેલો રહે તે શ્રાવક કહેવાય છે.

બીજી રીતે **'શ્રાવક'** નો અર્થ જણાવતાં કહે છે -

**सम्मत्तंदंसणाइ । पइदी अहंजई जणासुणेइअ ।।**
**समायारी परमं । जो खलु तं सावगं बिंति ।। २ ।।**

સમકિત... વ્રત... પચ્ચક્ખાણ પ્રતિદિન કરતા રહે તથા સાધુ પાસેથી ઉત્કૃષ્ટ સમાચારી સાંભળે તે શ્રાવક કહેવાય છે....

અન્ય રીતે આ 'શ્રાવક' શબ્દનો અર્થ જણાવતા કહે છે-

**श्रद्धालुता श्राति पदार्थचिंतनाद्धनानि, पात्रेषु वपत्यनारतं ।।**
**किरत्य पुण्यानि सुसाधुसेवनादतोपि तं श्रावकमाहुरूत्तमाः ।। ३ ।।**

નવતત્વાદિ ઉપર શ્રદ્ધા રાખે... સિદ્ધાંતાદિનું શ્રવણ કરે આત્મસ્વરૂપનું ચિંતન કરે... સુપાત્રમાં ધન વાપરે... સાધુની સેવાદિ દ્વારા પુણ્યને પ્રાપ્ત કરે તે ઉત્તમ શ્રાવક કહેવાય છે.

આ બધાનો વિચાર કરતાં એમ જણાય છે કે શ્રાવક શબ્દનો **'શ્ર'** શ્રદ્ધા તથા શ્રુતનું શ્રવણ (શાસ્ત્ર/સિદ્ધાંત સાંભળવા) સૂચવે છે.

શ્રાવક શબ્દનો **'વ'** વિવેકને સુચવે છે. જેથી શ્રાવક શું કરવા યોગ્ય છે અને શું છોડવા યોગ્ય છે એને જાણી શકે... એનો નિર્ણય કરી શકે છે.

તથા શ્રાવક શબ્દનો **'ક'** ક્રિયાને સુચવે છે, આ ક્રિયા પાપનો નાશ કરનારી અને પુણ્યનું ઉપાર્જન કરાવનારી હોય છે.

આથી શ્રાવક, શ્રદ્ધાવંત, વિવેકવંત અને ક્રિયાવંત હોય છે આવો નિર્ણય થાય છે.

## શ્રાવકના પ્રકાર

**नामाई चउभेओ, सड्ढाभावेणइथ्थ अहिगारो**
**तिविहो अ भावसड्ढो, दंसण वय उत्तरगुणे हिं ।। ४।।**

શ્રાવકના ચાર પ્રકાર છે :- (૧) નામ શ્રાવક (૨) સ્થાપના શ્રાવક (૩) દ્રવ્ય શ્રાવક તથા (૪) ભાવ શ્રાવક અને ભાવ શ્રાવકના દર્શન શ્રાવક, વ્રત શ્રાવક, તથા ઉત્તરગુણ શ્રાવક એમ ત્રણ ભેદ છે.

(૧) **નામશ્રાવક**- જેને જે કાંઇ નામ આપેલું હોય તેનાથી તેનામાં વિપરીત ગુણ હોય અથવા નામ પ્રમાણે ન હોય જેમ નામ ધનપતિ હોય પણ તે નિર્ધન હોય... નામ અમરચંદ હોય પણ તેની સ્મશાનયાત્રા નિકળતી હોય છે... તેમ અહિં પણ કહેવાય શ્રાવક પણ એમાં શ્રાવક યોગ્ય કોઇ ગુણોજ ન હોય... આમાં કેવળ નામધારી શ્રાવકનો જ સમાવેશ થાય છે.

(૨) **સ્થાપના શ્રાવક** - કોઇ અનેક સત્કૃત્ય કરનાર ગુણવાન શ્રાવકની કાષ્ટની કે પાષાણની પ્રતિમા બનાવી હોય અથવા તેનો ફોટો હોય તેને સ્થાપના શ્રાવક કહેવાય છે.

(૩) **દ્રવ્ય શ્રાવક** - શ્રાવકના સ્વરૂપને સમજ્યા વિના અને ઉપયોગ શુન્યતાથી બાહ્યથી શ્રાવકના આચારનું પાલન કરતો શ્રાવક દ્રવ્ય શ્રાવક કહેવાય. તેથી તેની આરાધના કર્મ નિર્જરા માટે ન થતાં કર્મબંધન માટે થાય છે.

(૪) **ભાવ શ્રાવક** - શ્રાવકના સ્વરૂપને સમજેલો હોય... ઉપયોગ પૂર્વક દરેક ક્રિયા કરતો હોય છે. તેની નાની પણ આરાધના કર્મ નિર્જરા અને પુણ્ય માટે થાય છે.

આ ભાવ શ્રાવકના ત્રણ પ્રકાર છે :-

(અ) **દર્શન શ્રાવક** - પરમાત્મા ઉપર ... પરમાત્માના બતાવેલા શાસ્ત્ર સિદ્ધાંત ઉપર અતુટ શ્રદ્ધાયુક્ત સમકિતધારી શ્રાવકનો આમાં સમાવેશ થાય. આ શ્રાવક ચોથે ગુણસ્થાને હોય. એમના જીવનમાં વ્રત નિયમ ન હોય. શ્રેણિક રાજા તથા કૃષ્ણરાજાનો આ દર્શન શ્રાવકમાં સમાવેશ થાય છે.

(બ) **વ્રત શ્રાવક** - સમકિત સહિત પંચ અણુવ્રતોને (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) ધારણ કરનારા વ્રત શ્રાવક કહેવાય છે. સુંદર શેઠનો સમાવેશ વ્રત શ્રાવકમાં થાય છે..

(ક) **ઉત્તરગુણ શ્રાવક** - સમકિત, સહિત પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત (દિશા વ્રત, ભોગોપભોગ વ્રત, અનર્થદંડ વ્રત) અને ચાર શિક્ષાવ્રત (સામાયિક વ્રત, દેશાવગાસિક વ્રત, પૌષધ વ્રત, અતિથી સં વિભાગ વ્રત) એમ કુલ મળી શ્રાવકના બાર વ્રતોને ધારણ કરનાર ‘ઉત્તરગુણ શ્રાવક’ કહેવાય છે. આનંદ; કામદેવ શ્રાવકોનો સમાવેશ ઉત્તરગુણ શ્રાવકમાં થાય છે.

સ્થાનાંગ સૂત્રમાં શ્રાવકના ચાર પ્રકાર જણાવતાં કહે છે -

**चउव्विहा समणोवासगा पन्नता तं जहा-**

**१. अम्मापिइसमाणे २. भायसमाणे ३. मित्तसमाणे ४. सव्वतिसमाणे ।।**

અર્થ :- ચાર પ્રકારના શ્રમણોપાસક (શ્રાવક) કહ્યા છે -

૧) માતપિતા સમાન. ૨) ભાઇ સમાન. ૩) મિત્ર સમાન અને ૪) શોક્ય સમાન.

સાધુની સેવા ભક્તિ કરે, સાધુનું પ્રમાદાચરણ જોઇને સ્નેહ રહિત ન થાય તેમજ સાધુઓ ઉપર સદાય હિતવત્સલ રહે, તે **'માતા-પિતા સમાન'** શ્રાવક જાણવા.

સાધુનો વિનય વૈયાવચ્ચ કરવામાં અનાદર હોય પણ હૃદયમાં સ્નેહવંત હોય અને કષ્ટ વખતે ખરેખર સહાયકારી થાય એવા શ્રાવકને **'ભાઈ સમાન શ્રાવક'** જાણવા.

સાધુ ઉપર પ્રીતિ રાખે, સાધુ અપમાન કરે તથા વગર પૂછે કામ કરે તો તેમનાથી રીસાય ખરો પણ પોતાના સગાવહાલાં કરતાં પણ તેમને અધિક ગણે તે **'મિત્ર સમાન શ્રાવક'** જાણવા.

પોતે અભિમાની હોય... સાધુનાં છિદ્ર જોતો રહે અને જરા પણ છિદ્ર દેખાય તો સમાજમાં સાધુની નિંદા કરે; સાધુને તૃણ સમાન ગણે તે **'શોક્ય સમાન શ્રાવક'** જાણવા.

પ્રકારાંતરે શ્રાવકના ચાર પ્રકારના કહે છે-

**चउव्विहा समणोवासगा पन्नत्ता, तं जहा -**

**१. आयंससमाणे २. पडागसमाणे ३. थाणुसमाणे, ४. खरंटयसमाणे**

ચાર પ્રકારના શ્રમણોપાસક (શ્રાવક) કહ્યા છે

૧) દર્પણ સમાન, ૨) પતાકા સમાન. ૩) થાણું સમાન અને ૪) ખરંટક સમાન.

ગુરુએ દેશનામાં સૂત્ર-અર્થ આદિ જે કહેલ હોય તે બહુમાન પૂર્વક હૃદયમાં ધારણ કરે... ગુરુ ઉપર સ્વચ્છ હૃદય રાખે તે શ્રાવક જૈન શાસનમાં **'દર્પણ સમાન'** કહેવાય છે.

પવનવડે જેમ ધ્વજા હાલ્યાં કરે તેમ ગુરુની દેશના સાંભળતા જેનું ચિત્ત સ્થિર રહે નહીં ને ગુરુનાં કહેલાં વચનોનો નિર્ણય ન કરી શકે તે **'પતાકા સમાન શ્રાવક'** કહેવાય છે.

ગીતાર્થ ગુરુએ ઘણુ સમજાવ્યા છતાં જે પોતાના કદાગ્રહને ન છોડે... ગીતાર્થની વાત ન સમજે અને ન સ્વીકારે તે **'થાણું સમાન'** (ખીલા સમાન) શ્રાવક જાણવો.

ગીતાર્થ ગુરુ સાચો ધર્મોપદેશ આપતાં હોય છતાં એને ન સ્વીકારે અને ઉલટો સદ્‌ગુરુને દુર્વચનરૂપ કાંટાથી વીંધે... ગુરુ ઉન્માર્ગદર્શક છે... નિન્હવ છે... મુર્ખ છે એવા વચન બોલે તે **'ખરંટક'** (કાંટા) સમાન શ્રાવક જાણવો.

## શ્રાવકના કૃત્ય

શ્રાવકનું જીવન કેવા પ્રકારનું હોવું જોઇએ જેથી એ સંસારમાં રહીને પણ પાપથી ઓછો ખરડાય અને પુણ્યના ભંડારને ભરપૂર કરતો પૂર્વ સંચિત કર્મ ખપાવે એ માટે પરમાત્મ શાસનની અંદર નાનામાં નાની ક્રિયા ઘણી જ ગંભીરતાથી બતાવી છે. પરમાત્મા મહાવીર સ્વામિને એકદા ગૌતમસ્વામિએ પૂછ્યું -

**कहं चरे कहं चिट्ठे, कहं आसे, कहं सये ।**
**कहं भुंजंतो, भासंतो, पाव कम्मं न बंघई ।।**

પ્રભુ ! કેમ ચાલું... કેમ ઉઠું... કેમ બેસું... કેમ ઉંઘું... કેમ ખાઉં... કેમ બોલું જેથી પાપ કર્મ ન બંધાય ?

એક જ શબ્દમાં જવાબ આપતાં પરમાત્માએ કહ્યું-

**जयं चरे , जयं चिट्ठे जयं आसे, जयं सये ।**
**जयं भुंजंतो, भासंतो, पाव कम्म न बंघइ ।।**

સર્વ ક્રિયાઓ જો જયણાપૂર્વક કરવામાં આવે તો પાપનો બંધ થતો નથી. જયણા એટલે યતના એ શ્રાવક જીવનની માતા છે. આપણા જીવનની પાપ પરંપરાનું મૂળ આ જયણાની ખામી છે... શ્રાવક જ્યાં સુધી આ જયણા જાણે નહીં ... ઓળખે નહીં... સ્વીકારે નહીં... ત્યાં સુધી ધર્મ ક્રિયા કરતો છતો પણ સાચી સિદ્ધિને ન પામે. આવો આપણે શ્રાદ્ધ-વિધિમાં બતાવેલા શ્રાવક જીવનને જાણીએ...માણીએ... સ્વીકારીએ અને સાચા ભાવશ્રાવક બનવા પુરુષાર્થ કરીએ... સાચા શ્રાવક બનીએ...

પ. પૂ. રત્નશેખરસૂરીશ્વરજી મ.સા. **'શ્રાદ્ધવિધિ'** ગ્રંથમાં છ દ્વારથી સંપૂર્ણ શ્રાવક જીવનનું રહસ્ય બતાવે છે. આ છ દ્વાર નીચે મુજબ છે - ૧. દિનકૃત્ય, ૨. રાત્રિ કૃત્ય, ૩. પર્વ કૃત્ય, ૪. ચાતુર્માસિક કૃત્ય, ૫. વર્ષ કૃત્ય, અને ૬. જન્મ કૃત્ય.

દિનકૃત્યમાં શ્રાવકે પોતાના જીવનમાં સવારના ઉઠીને સાંજ સુધીમાં ક્યા ક્યા કૃત્ય કરવાના છે... કેવા પ્રકારે કરવાના છે... તથા તે કરવાથી શું લાભ થાય છે એનું સુંદર સરળ ભાષામાં વિસ્તારથી વર્ણન કર્યું છે.

રાત્રિકૃત્યમાં શ્રાવકનો નિદ્રા-વિધિ તથા અન્ય રાતે કરવા યોગ્ય ક્રિયાઓનું વિવેચન છે.

દરરોજ શ્રાવક યોગ્ય ક્રિયાઓમાં લીન બનેલો શ્રાવક પર્વ તિથિએ કેવી વિશિષ્ટ આરાધના કરે... પુણ્યના ભંડાર કેમ ભરપૂર કરે તેની વિચારણા આ દ્વારમાં કરવામાં આવી છે.

ચાતુર્માસ એ સાધનાનો કાળ છે... એમાં જયણાની આરાધના અને તપની સાધના આદિ ઉપાસનાઓ અંગેનું માર્ગદર્શન ચાતુર્માસિક કૃત્યોમાં કરવામાં આવ્યું છે.

શ્રાવકના કેટલાક કર્તવ્ય એવા છે જે વર્ષમાં એકવાર જરૂર આચરવા જોઇએ એમનું અદ્ભૂત વર્ણન શ્રીમદ્ આચાર્ય ભગવંતે વર્ષ કૃત્યમાં અને શ્રાવક કુળમાં જન્મ લેવાથી શ્રાવક જન્મ યોગ્ય જીવનમાં કરવા યોગ્ય કુળાચારની વાત જન્મ કૃત્યમાં સમજાવી છે.

આવો ! આપણે હવે શ્રાવકના કર્તવ્યોને ધીરે ધીરે સમજવા-સ્વીકારવા અને આચરણમાં લાવવા પ્રયત્નશીલ બનીશું.



# કર્મ વિજ્ઞાન

## (આધાર ગ્રંથ - 'કર્મ વિપાક' (પ્રથમ કર્મગ્રંથ)-આ. દેવેન્દ્રસૂરિ મ.)

આપણે જે વિશ્વમાં રહિએ છીએ, આ વિશ્વનું અવલોકન કરો. શું દેખાય છે તમને ? આ વિશ્વ અનેકાનેક ચિત્ર-વિચિત્ર વ્યક્તિ અને વસ્તુઓનો ભંડાર છે..

કોઇ સુખી છે... કોઇ દુઃખી છે...

કોઇ રાજા છે... કોઇ રંક છે....

કોઇ મહેલમાં છે... કોઇ જેલમાં છે....

કોઇ રૂપવાન છે... કોઇ કુરુપ છે....

કોઇ નિરોગી છે... કોઇ રોગોથી પીડીત છે...

વધારે શું કહીએ ? એક જ માતા-પિતાના બે સંતાનમાં પણ સમાનતા નથી. એક બુદ્ધિશાળી છે તો એક મંદબુદ્ધિનો છે. એક સમૃદ્ધ છે તો એક દરિદ્રતાનો અવતાર છે. એક આસ્તિક છે તો બીજો નાસ્તિક છે

આ અને આના જેવી અનેકાનેક બાબતોની વિચિત્રતાનો જવાબ આપણી પાસે નથી. વિશ્વના મહાપુરુષોએ વિશ્વની આવી વિચિત્રતાઓના રહસ્યને સમજવાનો પુરુષાર્થ કર્યો છે. હિંદુસ્તાનના ચાર્વાક સિવાયના સર્વ દર્શનોએ વિશ્વની સર્વ ઘટનાઓની પાછળ કાર્ય કરતા અદશ્ય **કર્મસત્તાનો** સ્વીકાર કર્યો છે.

ન્યાય અને વૈશેષિક દર્શનકારો કર્મને **'ધર્મ-અધર્મ'** રૂપે માને છે.

વેદાંત દર્શનકારો કર્મને **'અવિદ્યા'** રૂપે માને છે....

સાંખ્ય દર્શન કારો કર્મને **'પ્રકૃતિ'** રૂપે માને છે...

બૌદ્ધ દર્શનકારો કર્મને **'વાસના'** રૂપે માને છે...

જૈન દર્શનમાં કર્મને કેવા પ્રકારે જણાવ્યું છે ? જાણવું છે ?... આવો ! જાણવા પ્રયત્ન કરીએ...

## 'કર્મ' શું છે ?

જૈન દર્શનમાં ષડ્દ્રવ્યમય જગત કહેવાયું છે. વિશ્વમાં છ દ્રવ્ય છે જેમાં એક પુદ્ગલાસ્તિકાય છે. પુદ્ગલાસ્તિકાય વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ સહિત છે. અને તેના સ્કંધ-દેશ-પ્રદેશ-પરમાણુ એવા ચાર ભેદ છે. સમાન પ્રદેશોના બનેલા સ્કંધ સમુહને વર્ગણા કહેવાય છે. આવી અનંતાનંત વર્ગણાઓ આ વિશ્વમાં રહેલી છે. આ અનંતાનંત વર્ગણાઓમાં કેવળ આઠ વર્ગણાઓ એવી છે જેને જીવ ગ્રહણ કરી શકે છે. નીચે જણાવેલી આઠ વર્ગણાઓ ક્રમસર વધુને વધુ પ્રદેશોની બનેલી છે. અને તે વધુને વધુ સૂક્ષ્મ છે.

(૧) મનુષ્ય તેમજ તિર્યંચોના ઔદારિક શરીર નિર્માણમાં ઉપયોગી થાય તેવા પુદ્ગલોને **ઔદારિક**

**વર્ગણા** કહેવાય છે.

(૨) દેવ-મનુષ્ય કે તિર્યંચોના વૈક્રિય શરીર નિર્માણમાં ઉપયોગી થાય તેવા પુદ્ગલોને **વૈક્રિય વર્ગણા** કહેવાય છે.

(૩) આહારક લબ્ધિધારી ૧૪ પૂર્વધારી મુનિઓ દ્વારા નિર્માણ થતા આહારક શરીર રચનામાં ઉપયોગી થાય તેવા પુદ્ગલોને **આહારક વર્ગણા** કહેવાય છે.

(૪) આપણે વાપરેલા આહારની પાચન ક્રિયા કરનાર એવા તૈજસ શરીર રચનામાં ઉપયોગી પુદ્ગલોને **તૈજસ વર્ગણા** કહેવાય છે.

(૫) જીવોને ભાષાના ઉચ્ચારણમાં ઉપયોગી થાય તે પુદ્ગલોને **ભાષા વર્ગણા** કહેવાય છે.

(૬) જીવોને શ્વાસોશ્વાસ લેવા - મૂકવામાં ઉપયોગી થાય તે પુદ્ગલોને **શ્વાસોશ્વાસ વર્ગણા** કહેવાય છે.

(૭) જીવોને ચિંતન -મનનમાં ઉપયોગી થાય તે પુદ્ગલોને **મનો વર્ગણા** કહેવાય છે.

(૮) આત્માની સાથે કર્મરૂપે જોડાણ બંધ થવામાં ઉપયોગી થાય તે પુદ્ગલોને **કાર્મણ વર્ગણા** કહેવાય છે.

પ્રથમ ચાર વર્ગણાના સ્કંધોનો સમુહ આપણી આંખોથી જોઇ શકાય એવો દશ્ય હોવાથી બાદર પરિણામી કહેવાય છે.

છેલ્લા ચાર વર્ગણાના સ્કંધોના સમુહ આપણી આંખોથી જોઇ શકાતા નથી તે અદશ્ય હોવાથી સૂક્ષ્મ પરિણામી કહેવાય છે.

આ આઠે આઠ વર્ગણાઓ ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે.... પુદ્ગલ સ્વરૂપ અજીવ છે... વર્ણ ગંધ રસ સ્પર્શ સહિત છે.

કાર્મણ વર્ગણા અત્યંત સૂક્ષ્મ-અદશ્ય-સર્વત્ર છે. જ્યારે આત્માની સાથે જોડાય ત્યારે કર્મરૂપે બને છે.

## કાર્મણ વર્ગણા કર્મ કેમ બને ?

આપણા વસ્ત્ર પાણીથી ભીના કે તેલની ચીકાસવાળા હોય એ વાતાવરણમાં ધૂળની ડમરી ઉડે તો હવામાં રહેલી ધૂળની ઝીણી રજ આપણા વસ્ત્ર ઉપર ચોંટિ જાય અને વસ્ત્રને મલીન બનાવે એજ પ્રકારે આત્મામાં રાગ-દ્વેષના પરિણામની ભીનાશ કે ચીકાશ હોય તો વાતાવરણમાં રહેલી કાર્મણ વર્ગણા આત્મા ઉપર ચોંટી જાય અને આત્માને મલીન બનાવે. કાર્મણ વર્ગણાનું આત્મા તરફ ખેંચાવું અને આત્મા સાથે જોડાવું તે કર્મબંધ છે. આત્મા સાથે જોડાયેલી કર્મરજ (કાર્મણ વર્ગણા) કર્મ બને છે. હવે કર્મ કહેવાય છે.

કર્મની સામાન્ય જાણકારી મેળવ્યા પછી હવે આપણે **'કર્મ-વિપાક'** નામના શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ

રચિત પ્રથમ કર્મગ્રંથને જાણવા - સમજવાનો પ્રયત્ન ગાથા - અર્થ અને વિવેચન દ્વારા કરીશું.

**सिरि-वीर-जिणं वंदिअ, कम्म विवागं समासओ वुच्छं ।**
**कीरइ-जीएण हेऊहिं, जेणं तो भन्नए ''कम्मं'' ।।१।।**

**ગાથાર્થ :-** શ્રી મહાવીરસ્વામીને વંદન કરી **'કર્મ વિપાક'** નામનો ગ્રંથ હું સંક્ષેપમાં કહેવાનો છું. જીવવડે હેતુઓ દ્વારા જે કરાય છે તે કારણથી તે કર્મ કહેવાય છે.

પરમ ઉપકારી... ચરમ તીર્થપતિ... શાસનપતિ શ્રી મહાવીરસ્વામીને વંદન કરીને ગ્રંથનું મંગલાચરણ કરે છે. કોઇ પણ કાર્યનો પ્રારંભ મંગલાચરણથી થાય છે જેથી કાર્ય નિર્વિઘ્ને થાય. મંગલાચરણ કરીને પોતે ગ્રંથમાં શું વિષય લેવાના છે એ જણાવતા કહે છે કે - 'સંક્ષેપથી કર્મ વિપાક ને કહીશ.' કર્મ એટલે શું ? હવે આપણે જાણીએ છીએ એના વિપાક એટલે ફળ. કર્મ કેવા કેવા જુદા જુદા પ્રકારના છે અને તે કેવા કેવા ફળ આપે છે ? એનું વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. તેથી જ આ ગ્રંથ **'કર્મ વિપાક'** નામે ઓળખાય છે. આ પહેલો કર્મગ્રંથ છે.

ગાથાના અર્ધા ભાગમાં હવે કર્મની વ્યાખ્યા જણાવતાં કહે છે - **'હેતુઓ વડે આત્મા દ્વારા જે કરાય તે કર્મ કહેવાય છે.'**

અહીં પ્રશ્ન થાય કે હેતુઓ વડે એટલે શું ?

કર્મબંધના હેતુઓ -કારણો છે આત્મા ક્યા ક્યા હેતુઓ કે કારણો વડે કર્મ બાંધે છે ? એ જણાવતા મુખ્ય ચાર કારણો બતાવાયા છે.-

(૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) કષાય અને (૪) યોગ.

મિથ્યાત્વ એટલે ખોટી માન્યતાઓ, ભ્રામક કલ્પનાઓ. એનાથી વ્યક્તિ વસ્તુના સાચા સ્વરૂપને ન જાણી શકે.

અવિરતિ એટલે વ્રત-નિયમ -પચ્ચક્ખાણ વિનાનું જીવન, જેમાં હિંસા-અસત્ય-ચોરી -અબ્રહ્મ અને પરિગ્રહ વગેરેના કારણે સતત કર્મબંધ ચાલુ રહે છે.

કષ એટલે સંસાર અને આય એટલે આવક. જેનાથી સંસારની આવક કે વૃદ્ધિ થાય તે કષાય છે. એમાં ક્રોધ-માન-માયા - લોભ વગેરેનો સમાવેશ થાય છે.

યોગ એટલે મન-વચન-કાયાની પ્રવૃત્તિ.

આ ચાર પ્રકારની આત્મ પ્રવૃત્તિથી સતત કર્મબંધ થયા કરે છે. કર્મબંધને અટકાવવા આ પ્રકારની પ્રવૃત્તિ ઉપર વિજય મેળવવો આવશ્યક છે.

**पयइ-ठि-रस-पएसा, तं चउहा मोअगस्स दिठ्ठंता ।**
**मूल पगइट्ठ उत्तर, पगइ अडवन्न सयभेयं ।।२।।**

ગાથાર્થ :- મૂળ પ્રકૃતિએ આઠ અને ઉત્તર પ્રકૃતિએ એકસો અઠ્ઠાવન ભેદોવાળું તે કર્મ પ્રકૃતિ,

સ્થિતિ, રસ અને પ્રદેશને આશ્રયીને લાડુના દષ્ટાંતથી ચાર પ્રકારે છે.

આત્મા જ્યારે જ્યારે ક્રોધ-માન-અસત્ય-ચોરી વિગેરે ભાવવાળો બને છે ત્યારે તે કાર્મણ વર્ગણાને પોતાની તરફ ખેંચે છે. તે કાર્મણ વર્ગણા આત્મા સાથે ક્ષીર-નીર કે લોહાગ્નિની જેમ એકમેક થઇ જઇને કર્મસ્વરૂપે ચોંટે છે ત્યારે એક સાથે ચાર વસ્તુઓ નક્કી થાય છે.

(૧) કર્મનો સ્વભાવ તે પ્રકૃતિ બંધ.

(૨) કર્મના કાળનું માપ તે સ્થિતિ બંધ.


(૩) કર્મ પુદ્ગલના શુભ-અશુભ રસનું તીવ્ર -મંદ પણું તે અનુભાગ બંધ. અને

(૪) કર્મ પુદ્ગલનાં દળિયાનું માન તે પ્રદેશ બંધ.

## મોદકના દષ્ટાંતથી ચાર પ્રકારનો કર્મબંધ

**(૧) પ્રકૃતિ બંધ :-** મોદક જુદા જુદા પ્રકારના હોય છે અને તેની અસર શરીર ઉપર જુદિ જુદિ થાય છે. સુંઠ -મેથી વિગેરેના મોદક સ્વભાથી વાતને ટાળે છે... કેટલાક મોદક પિત્તને ટાળે... દૂર કરે છે... કેટલાક લાડવા સ્વભાવથી કફને દૂર કરે છે..

તેવી જ રીતે બંધાતું કર્મ પણ આત્માના કોઇને કોઇ ગુણને ઢાંકે છે... આવરણ કરે છે... તે કર્મના સ્વભાવને પ્રકૃતિ બંધ કહેવાય છે. દા.ત. આત્માના જ્ઞાન ગુણને આવરે તે જ્ઞાનાવરણીય, દર્શનને આવરે તે દર્શનાવરણીય.




**(૨) સ્થિતિ બંધ :-** મોદક જુદા - જુદા પ્રકારના હોય છે તેમ તે સારા રહેવાનો કાળ પણ જુદો જુદો હોય છે. ચુરમાના મોદક એક જ દિવસ સારા રહે... બુંદિના મોદક અઠવાડીયા સુધી સારા રહે... શિયાળામાં અડદિયાપાક-સાલમપાક વગેરે મહિના સુધી સારા રહે... તેવી રીતે કર્મબંધાય એજ ક્ષણે આ કર્મ આત્મા સાથે કેટલા સમય સુધી રહેશે એ નક્કી થાય છે. કોઇ કર્મ ૨ વરસ, ૫ વરસ, ૪ મહિના, ૧૦ દિવસ આત્મા સાથે રહે તો કોઇ કર્મ પલ્યોપમ અને સાગરોપમ સુધી રહે. એવી રીતે કર્મનો આત્માની સાથે રહેવાનો કાળ -સમયને સ્થિતિબંધ કહેવાય છે.

**(૩) રસબંધ -** મોદકમાં ગળપણ હોવાથી સામાન્ય રીતે મોદક મીઠા (ગળ્યા) જ હોય પરંતુ એ ગળપણમાં પણ વિવિધતા હોય.મેથીના મોદકમાં કડવાસ હોય. એ કડવાસમાં પણ વિવિધતા હોય તેમ આત્માની સાથે જોડાતા શુભ કે અશુભ કર્મનાં રસમાં તરતમતા હોય. કર્મબંધ વખતે રસમાં મંદતા...

તીવ્રતા... તીવ્રતરતા... અને તીવ્રતમતા જોવા મળે છે જેને રસબંધ કહેવામાં આવે છે.

**(૪) પ્રદેશ બંધ-** મોદકમાં આકારમાં વિવિધતા જોવા મળે. નાના મોદક.. (ઓછા કણોવાળા)... મધ્યમ મોદક... તથા મોટા મોદક હોય જેનું વજન ભિન્ન-ભિન્ન હોય. એના કણ પણ ઓછા વધુ હોય. તેવી રીતે કર્મ બાંધતી વખતે યોગ અનુસાર આત્મા ઓછા-વધુ કમદલિકોના સમુહને આત્મા સાથે જોડે છે. તેને પ્રદેશ બંધ કહેવાય છે.

જેવી રીતે લાડવા બનાવતી વખતે જ એનો સ્વભાવ, સ્થિતિ, રસ અને પ્રદેશ નક્કી થઇ જાય છે તેમજ કર્મબંધ વખતે જ આ ચાર વસ્તુઓ આપણા ભાવાનુસાર નક્કી થઇ જાય છે.

કર્મ બંધના ચાર પ્રકાર સમજાવ્યા પછી હવે પ્રથમ પ્રકૃતિબંધને વિશેષથી જણાવે છે.




## કર્મ પ્રકૃતિ

કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે ઉત્તર પ્રકૃતિ એકસો અટ્ઠાવન છે.

**इह नाण दंसणावरण - वेय - मोहाउ - नाम - गोआणि ।**

**विग्घं च पण-नव-दु-अट्ठवीस -चउ-तिसय-दु पण विहं ।।३।।**

**ગાથાર્થ :-** અહીં પાંચ - નવ - બે -અઠ્ઠાવીશ -ચાર - એક સો ત્રણ- બે અને પાંચ ભેદોવાળા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય કર્મ છે.

કર્મની પ્રકૃતિ અસંખ્યાતિ છે. પરંતુ શુદ્ધાત્માના (સિદ્ધાત્માના) આઠ ગુણ હોવાથી તેમને આવરનાર આઠ કર્મ પ્રકૃતિ મુખ્ય છે. તેના ઉત્તર ભેદ ૧૫૮ છે.

વિશેષાવબોધરૂપ જ્ઞાનને આવરે તે **જ્ઞાનાવરણીય કર્મ.**

સામાન્યાવબોધરૂપ દર્શનને આવરે તે **દર્શનાવરણીય કર્મ.**

સાતા-અસાતા રૂપે વેદવું પડે અને આત્માના અવ્યાબાધ સ્વરૂપને આવરે તે **વેદનીયકર્મ.**

સમ્યક્ત્વ અને સ. ચારિત્ર થકી મુંઝવે-વિકળ કરે અને આત્માના અનંત ચારિત્રના ગુણને આવરે તે **મોહનીય કર્મ.**

બીજા ભવમાં લઈ જાય અને આત્માની અક્ષયસ્થિતિને આવરે તે **આયુષ્ય કર્મ.**

શરીર-ઈન્દ્રિય-રૂપ-રંગ વગેરે આપનાર તથા આત્માના અરૂપી ગુણને આવરે તે **નામ કર્મ.**

આત્માને સારા-ખરાબ કુળમાં જન્માવે તથા આત્માના અગુરુલઘુ ગુણને આવરે તે **ગોત્ર કર્મ.**

સર્વ સામગ્રી હોવા છતાં દાનાદિક લબ્ધિનો અંતરાય કરે અને આત્માના અનંતવીર્ય ગુણને આવરે તે **અંતરાય કર્મ.**

આઠ મૂળ કર્મના નામ જણાવ્યા પછી હવે એમની ઉત્તર પ્રકૃતિની સંખ્યા જણાવે છે.

જ્ઞાનાવરણીય કર્મના **૦૫** ભેદ છે.
દર્શનાવરણીય કર્મના **૦૯** ભેદ છે.
વેદનીય કર્મના **૦૨** ભેદ છે.
મોહનીય કર્મના **૨૮** ભેદ છે.
આયુષ્ય કર્મના **૦૪** ભેદ છે.
નામ કર્મના **૧૦૩** ભેદ છે.
ગોત્ર કર્મના **૦૨** ભેદ છે.
અંતરાય કર્મના **૦૫** ભેદ છે.
કર્મ પ્રકૃતિના કુલ **૧૫૮** ભેદ છે.

# વિરતિ પાટિકા સમ્યગ્ દર્શન

**समत्तमेव मेव मूलं निद्दिट्ठं जिनवरेहिं धम्मस्स। एगंपि धम्मकिच्चं न तं विणा सोहए नियमा ॥**

– શ્રી જિનલાભસૂરિ.

જિનવરોએ ધર્મનું મૂળ સમ્યક્ત્વને કહેલું છે, કારણ કે શુદ્ધ સમ્યક્ત્વવડે જ આત્મરૂપી ભૂમિ નિર્મળ થઇ કે છે (જેમ કે ચિત્રકારે પ્રથમ ભૂમિને શુદ્ધ કર્યા પછી તે ભૂમિ ઉપર ચિતરેલા ચિત્રો જેમ અસાધારણ રીતે શોભી ઉઠે છે તેમ) તેથી સર્વ ધર્મના કૃત્યો સમ્યક્ત્વવડે આત્મશુદ્ધિ કર્યા વિના એક પણ ધર્મ કૃત્ય શોભતું નથી, જેથી ભવ્યાત્માઓએ પ્રથમ સમ્યક્ત્વ વડે જ પોતાની આત્મશુદ્ધિને વિષે પ્રયત્ન કરવો.

રે જીવ ! કેવો મહાન છે તારો પુણ્યોદય !

માનવનો દેહ મળ્યો... પૂર્ણ પાંચે ઇન્દ્રિયોથી યુક્ત કાયા મળી...

આર્ય દેશ મળ્યો... શ્રાવકનું કુળ મળ્યું...

પ્રભુ મહાવીરનું શાસન મળ્યું...

રાગ-દ્વેષ રહિત વીતરાગી સુદેવ મળ્યા...

કંચન અને કામિનીના ત્યાગ નિર્ગ્રંથ સુગુરુ મળ્યા...

દયાથી ભરપુર શ્રી સર્વજ્ઞ કથિત ધર્મ મળ્યો...

આવો સુયોગ ચોર્યાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતાં જીવને મહાન પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે.

તેથી હે જીવ ! હવે તું પ્રમાદ કરીશ નહીં...

સુખી જીવન જીવવા માટે આચાર અને વિચાર બન્નેનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી છે. પવિત્ર આચાર અને ઉમદા વિચારો વિના મનુષ્ય સાચા સુખ-શાંતિ અનુભવી શકતો નથી.

અનંત સુખના ધામ સમા મોક્ષના માર્ગ બે નથી... એક જ છે.. આ મોક્ષ માર્ગ વિરતિના રાજમહેલમાંથી પસાર થાય છે.

સર્વ વિરતિ... અથવા દેશવિરતિ...

પરંતુ વિરતિ વિના ઉદ્ધાર નથી.. નથી... ને નથી જ...

ચાલો ! આપણે સહુ આજે જ વિરતિ માટે ઉદ્યમ કરીએ.

લેવા જેવી તો સર્વવિરતિ જ છે... સ્વીકારવા જેવું તો સાધુ જીવન છે. પરંતુ ત્યાં સુધીનું સત્વ જાગતું ન હોય તો યથાશક્તિ શ્રાવકના વ્રતોની આરાધના તો કરવી જ જોઇએ.

આવો આપણે અહિં શ્રાવકના જીવન યોગ્ય વિરતિને સ્વીકારવા શ્રાવકના બાર વ્રતોની વિચારણા કરીએ.

વિરતિ જો મહેલ છે તો સમ્યગ્ દર્શન એનો પાયો છે...

વિરતિ એ મોતીની માળા છે તો સમ્યગ્ દર્શન એ દોરો છે...

વિરતિ એ રથ છે તો સમ્યગ્દર્શન એનો સારથી છે...

એટલે શ્રાવક જીવનને અજવાળતા વ્રતોનો સ્વીકાર કરતા પહેલાં સમ્યગ્દર્શનનો સ્વીકાર અત્યંત આવશ્યક છે. તેથી જ અહિં પ્રથમ સમ્યગ્દર્શનના સ્વરૂપનો અને એના વિવિધ અતિચારોની વિચારણા કરવામાં આવી છે.

સમકિત, સમ્યગ્દર્શન અને સમ્યગ્દ્રષ્ટિ આ બધા પર્યાયવાચી શબ્દો છે. બધાનો અર્થ સમાન છે. સમ્યગ્ દર્શન એટલે સુદેવ-સુગુરુ-સુધર્મમાં અતુટ સાચી શ્રદ્ધા.

શ્રાવકના ધર્મને વિષે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત મળી બાર વ્રત છે અને આ વ્રતોનું મૂલ સમ્યક્ત્વ જાણવો. તેમાં અઢાર દોષરહિત એવા શ્રી અરિહંત દેવ તે શુદ્ધ દેવતત્વ જાણવા. આઠ પ્રવચન માતાના ધારક એવા સુસાધુ તે શુદ્ધ ગુરુતત્વ જાણવા. વિનય મૂલ એવો શ્રી જિનપ્રણીત ધર્મ તે શુદ્ધ ધર્મતત્વ જાણવું. એ ત્રણ તત્વની ઉપર શ્રદ્ધા (સદ્દહણા) રાખવી તેને સમકિત કહેવાય. તે સમકિતની ભાવથી પ્રતિપાલના કરવી જોઇએ એ ત્રણ તત્વથી જે વિપરીત શ્રદ્ધા (સદ્હણા) હોય તેને મિથ્યાત્વ કહેવાય.

દ્રવ્યે કરી ભાવે કરી લૌકિક લોકોત્તર, દેવગત, ગુરુગત અને પર્વગત મિથ્યાત્વ છે તે ચાર પ્રકારનું છે તેનો ત્યાગ કરવો. એ ચાર પ્રકાર -

હરિ એટલે કૃષ્ણ, હર એટલે મહાદેવ, બ્રહ્મા, સૂર્યદેવ ઈન્દ્ર ચંદ્રમા, ગ્રહ-દેવતા, ગોત્રજ દેવતા, ગણેશ દિક્પાલ, ક્ષેત્રપાલ, સ્કંદદેવ, (કાર્તિકેય) કાપિલ, બુદ્ધ, હનુમંત યક્ષ. આદિની ભક્તિ કરીને તેમને જ મુક્તિ દેવા વાળા જાણવા આ પ્રથમ લૌકિક દેવગત મિથ્યાત્વ જાણવું.

ચરક તે સન્યાસી, પરિવ્રાજક તે તાપસ બ્રાહ્મણ, કૌલિક, કાપલિક બ્રાહ્મણ અને તાપસ એ મને સંસારથી તારશે એવું સમજે ને એમની આરાધના કરે તે બીજું લૌકિક ગુરુગત મિથ્યાત્વ જાણવું.

જે શ્રી વીતરાગ દેવની પ્રતિમા અન્યદર્શનીઓએ ગ્રહણ કરી હોય તેને અપરપરિગૃહિત જિન બિંબ કહેવાય એવા જિનબિંબ તથા વૈરોટ્યા નામની સોલમી વિદ્યાદેવી અથવા શ્રી મલ્લિનાથ ભગવાનની વૈરોટ્યા દેવી, શ્રી શીતલનાથના બ્રમ્હનામે યક્ષ તથા સુપાર્શ્વનાથની શાંતાદેવી તેમજ શ્રી જિનશાસનના અન્ય અધિષ્ઠાયિક દેવ દેવીઓનું દેવ બુદ્ધિએ પૂજન કરવું તે ત્રીજુ લોકોત્તર દેવગત મિથ્યાત્વ કહેવાય તથા -

**પાસત્થા -** જે સાધુ દોષિત આહાર પાણી વહોરાવે છે અને સાધુપણાનું મિથ્યા ગર્વ રાખે છે, જ્ઞાન દર્શન - ચારિત્રના ઉપકરણ પાસે રાખીને પણ તેનો લાભ ન ઉઠાવે તે

**ઉસન્ના -** જે પ્રમાદને વશ ખાલી દેહનું પોષણ કરે છે અને સંયમીકરણીમાં નમાલીયા જેવા હોય છે તે ઉસન્ના,

**કુશીલ -** જ્ઞાન, દર્શન-ચારિત્રના પાલન કરવા યોગ્ય આચારોનું પાલન ન કરે તે કુશીલ

**સંસક્ત -** જે સાધુ બીજાના ગુણોને સહન ન કરે, તથા સુખશીલતાનું આચરણ હોય હિંસાદિક કર્મબંધના કારણોનું સેવન કરે તે સંસક્ત

**આહારછંદ -** જે ઉત્સૂત્રપ્રરુપણા કરે મનમાં આવે એવું બકે, પરનિંદા કરે બીજા ઉપર આળ ચઢાવે લોકોમાં પૂજાના માટે મિથ્યા આડંબર કરે તે આહાછંદ

**નિન્હવ -** શ્રી વીતરાગ પરમાત્માથી અલગ પોતાનું મત પ્રસ્થાપિત કરે તે નિન્હવ

એ બધા દ્રવ્યલિંગી કહેવાય એમનું ગુરૂ-બુદ્ધિએ પૂજન કરવું તે ચોથું લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ કહેવાય.

એ સમકિતવ્રતના પાંચ અતિચાર છે તે છોડવા એ પાંચ અતિચાર કયા ક્યા છે ? તે જણાવે છે.

૧. **શંકા -** જીવ - અજીવ આદિ નવતત્વમાંથી કોઇ પણ એક તત્વના વિષે મનમાં સંદેહ ધર્યો હોય કે આ વાત કેમ હશે? કિંવા નહીં હશે, અથવા દેવ-ગુરૂ-ધર્મ અને સિદ્ધાંત એટલે આગમ પ્રત્યે મનમાં સંદેહ ધર્યો હોય, શંકા કરી હોય તે પહેલો શંકા નામે અતિચાર જાણવો.

૨. **કાંક્ષા -** અન્ય જે પાખંડી દર્શન છે તેને ગ્રહણ કરવાનો મનમાં અભિલાષ ધર્યો હોય અથવા સર્વે ધર્મોને સરખા કરી લેખવ્યા હોય તે બીજો કાંક્ષા નામનો અતિચાર જાણવો.

૩. **વિતિગચ્છા -** જિનેશ્વર પરમાત્મા એ બતાવેલા તપ, સંયમ, નિયમ, આદિ ક્રિયા કરીએ છીએ તો આ ધર્મ કરણીથી દેવપદવી તથા મોક્ષાઆદિક ફલ મલશે કે નહીં મલે ? એવું સંદેહ મનમાં ધર્યો હોય અથવા સાધુ-સાધ્વીનું મલિન શરીર દેખીને દુગંચ્છા કીધી હોય તે ત્રીજો વિતિગચ્છા નામે અતિચાર જાણવો.

૪. **પરપાસંડી પ્રશંસા -** અન્ય પરદર્શનના તપઆદિની મહાનતા જોઇને તથા તેની વિદ્યાની ખ્યાતિ જોઇને તેની પ્રશંસા કીધી હોય તે પરપાસંડી પ્રશંસા નામે ચોથો અતિચાર, જાણવો.

૫. **પરપાસંડી સંથુઓ (સંસ્તવ)** - પરદર્શનીય સાથે સંસ્તવ, વાત પ્રમુખનો પરિચય તથા તેમની સાથે પ્રીતિકારક વાર્તાલાપ કરવા તેમના ઉપર પ્રીતિ રાખવી, તેની ભકિત કરવી, તેમને દાન આપવું. આલાપ-સંલાપાદિક કિધા કરાવ્યા હોય તે પાંચમો પરપાસંડી સંથુઓ નામે અતિચાર જાણવો.

સમ્યગ્ દર્શનના સ્વીકાર માટેની પ્રતિજ્ઞા છે ''હું આજીવન રાગ-દ્વેષથી રહિત એવા વીતરાગ... અરિહંત પ્રભુને સુદેવ તરીકે... નિર્ગ્રંથ, પંચમહાવ્રતધારી સાધુને સુગુરુ તરીકે અને શ્રી સર્વજ્ઞ ભગવંતે

પ્રરૂપેલા દયામય ધર્મને સુધર્મ તરીકે સ્વીકારું છું. સુદેવ-સુગુરુ-સુધર્મ સિવાય અન્ય કોઇને માનીશ નહીં.''

સમ્યગ્દર્શન ન હોય તો પ્રાપ્ત કરવા અને હોય તો નિર્મળ કરવા નીચેના નિયમો સહાયક બને છે -

૧. હું દરરોજ જિનેશ્વર પરમાત્માના દર્શન કરીશ.
૨. હું દરરોજ જિનેશ્વર પ્રભુની પૂજા કરીશ.
૩. હું દરરોજ પ્રભૂજીની અષ્ટપ્રકારી પૂજા કરીશ.
૪. હું જિનેશ્વર પ્રભુના નિત્ય ત્રિકાળ દર્શન કરીશ.
૫. હું દરરોજ નિયમિત ચૈત્યવંદન કરીશ.
૬. હું પર્વ તિથિએ જિનાલયની સર્વ પ્રતિમાજીને ત્રણ-ત્રણ ખમાસણા આપીશ.
૭. હું વરસમાં સ્નાત્ર પૂજા... મોટિ પૂજા... ભણાવીશ.
૮. હું જીવનમાં ઓછામાં ઓછાં એક ભગવાન ભરાવીશ.
૯. હું જીવનમાં ઓછામાં ઓછા એક ભગવાનની પ્રતિષ્ઠા કરાવીશ.
૧૦. હું વરસમાં એક વખત અવશ્ય સિદ્ધાચલની યાત્રા કરીશ.
૧૧. સર્વ તીર્થમાં સદા બ્રહ્મચર્ય વ્રત પાળીશ તથા નવકારશી ચોવિહાર કરીશ.
૧૨. તીર્થયાત્રા દરમ્યાન અભક્ષ્ય, અનંતકાય, રાત્રીભોજનનો ત્યાગ કરીશ.
૧૩. હું દરરોજ એક નવકાર મંત્રની બાધી માળા ગણીશ.
૧૪. હું દરરોજ સૂતાં સાત અને ઉઠતાં આઠ નવકારમંત્ર ગણીશ.
૧૫. હું જીવનમાં એકવાર અવશ્ય નવલાખ નવકારમંત્રનો જાપ કરીશ.
૧૬. હું જીવનમાં એકવાર અવશ્ય જિનભક્તિ મહોત્સવ કરાવીશ.

